# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26.10.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **NATIONAL NEWS**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

*******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બેંકિંગ સિસ્ટમને સાયબર આતંકવાદથી બચાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

2) સરકારી નીતિના સાધન તરીકે આતંકવાદના ઉપયોગને અસ્વીકાર્ય ગણાવતા વિદેશ મંત્રી એસ જયશંકર.

3) 12માં બ્રિક્સ સંસદીય મંચનું સંમેલન આજથી નવી દિલ્હીમાં શરૂ થશે.

4) ભારત 2029 સુધીમાં ચાર કાર્યાત્મક લોન્ચ પેડ સાથે અવકાશ કામગીરીનો વિસ્તાર કરશે.

5) બંગાળની ખાડી પર સર્જાયેલું હવાનું દબાણ આજે ચક્રવાતી વાવાઝોડામાં પરિણમશે - આંધ્ર, ઓડિશા અને છત્તીસગઢમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી.

6) વડોદરામાં રમાયેલી ઝિમ્બાબ્વે સામેની બીજી વન ડેમાં ભારતીય મહિલા ટીમે વિજય મેળવીને શ્રેણી જીતી.

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM ON CYBER TERRORISM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બેંકિંગ સિસ્ટમને સાયબર આતંકવાદથી બચાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. ગઈકાલે સાંજે ઓડિશાના ભુવનેશ્વરમાં ભારતીય રિઝર્વ બેંકના ડેટા સેન્ટર અને સાયબર સિક્યુરિટી ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી મોદીએ આ મુજબ જણાવ્યુ.

[BYTE-PM CYBER TERRORISM]

આશરે 170 કરોડ રૂપિયાના ખર્ચે બનેલું,આ ડેટા સેન્ટર મહત્વપૂર્ણ નાણાકીય ડેટાની સુરક્ષાને મજબૂત બનાવશે અને ભારતના ડિજિટલ નાણાકીય માળખાની સ્થિતિસ્થાપકતા વધારશે.

# JAISHANKAR - TERRORISM

વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું, આતંકવાદનો ઉપયોગ સરકારી નીતિના સાધન તરીકે અસ્વીકાર્ય છે, અને તેને ક્યારેય વાજબી કે તર્કસંગત ગણાવી શકાય નહીં. તેમણે કહ્યું કે, કેટલાક દેશોએ આંતકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા ન દર્શાવતા આતંકવાદ હજી અસ્તિત્વમાં છે. ડૉ. જયશંકરે ચિન્મય મિશનની 75મી વર્ષગાંઠ નિમિત્તે નવી દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમને સંબોધન કરતાં કહ્યું કે વિશ્વમાં ચાલી રહેલા સંઘર્ષો ગમે ત્યાં હોય દરેક જગ્યાએ શાંતિને જોખમમાં મૂકે છે.

ડૉ. જયશંકરે ગ્લોબલ સાઉથ આજે '4F' - નાણા, બળતણ, ખાદ્ય અને ખાતર કટોકટીનો સામનો કરી રહ્યું છે ત્યારે વિશ્વએ તેના ઉકેલો શોધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

# VP - ANDHRA VISIT

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન આજથી બે દિવસની આંધ્રપ્રદેશની મુલાકાતે જશે. મુલાકાત દરમિયાન, ઉપરાષ્ટ્રપતિ વિજયવાડામાં ડૉ. એનટીઆર આરોગ્ય વિજ્ઞાન વિશ્વવિદ્યાલયની 40મી વર્ષગાંઠ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. બાદમાં, તેઓ તિરુપતિમાં શ્રી વેંકટેશ્વર સ્વામી મંદિર અને તિરુચાનુરમાં શ્રી પદ્માવતી અમ્માવરી મંદિરમાં દર્શન કરશે.

# BRICS PARLIAMENTARY FORUM

12માં બ્રિક્સ સંસદીય મંચનું સંમેલન આજથી નવી દિલ્હીમાં શરૂ થશે. બે દિવસીય સંમેલનનો વિષય છે - લોકકેન્દ્રિત વિકાસ માટે સંસદોને શસક્ત બનાવવી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પ્રતિનિધિમંડળોના નેતાઓને મળશે.

સાંભળીએ એક અહેવાલ...

(VC – AKSHIT)

# BIRLA EGYPTIAN DELEGATION

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ગઇકાલે નવી દિલ્હીમાં ઇજિપ્ત પ્રતિનિધિમંડળના વડા સાંસદ સમેહ શૌકરી સાથે મુલાકાત કરી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી બિરલાએ જણાવ્યું કે બેઠક દરમિયાન બંને દેશોએ સંસદીય સહયોગને વધુ ગાઢ બનાવવા અને ફાર્માસ્યુટિકલ્સ, રસાયણો અને ઉદ્યોગમાં સહયોગ વધારવા અંગે ચર્ચા કરી હતી. શ્રી બિરલાએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે મજબૂત સંસદીય સંબંધો બંને દેશો વચ્ચે લાંબા સમયથી ચાલી આવતી ભાગીદારીને વધુ સમૃદ્ધ બનાવશે.

# PIYUSH GOYAL- NETHERLANDS

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું, ભારત આર્થિક વિકાસ અને આંતરરાષ્ટ્રીય વેપારના વિસ્તરણને ટેકો આપવા 2047 સુધીમાં બંદર ક્ષમતા ચાર ગણી વધારવાનું લક્ષ્યાંક ધરાવે છે. નેધરલેન્ડ્સના રોટરડેમમાં બોલતા, શ્રી ગોયલે કહ્યું કે, ભારતે છેલ્લા દાયકામાં તેની બંદર ક્ષમતા બમણી કરી છે. તેમણે નેધરલેન્ડ્સના રોટરડેમ બંદર સાથે દરિયાઈ માળખાગત સુવિધા, હરિત ઉર્જા અને ટકાઉ વેપારમાં સહયોગની તકો પર પ્રકાશ પાડ્યો.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે રોટરડેમ જેવા મુખ્ય આંતરરાષ્ટ્રીય દરિયાઈ કેન્દ્રો સાથે મજબૂત સહયોગ ભારતને તેની દરિયાઈ ક્ષમતાઓનો વિસ્તાર કરવામાં અને વૈશ્વિક વેપારમાં તેની ભૂમિકાને મજબૂત બનાવવામાં મદદ કરશે.

# SHAH KHARGE REMARK

ભાજપ આજે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પિતા વિશે અપમાનજનક ટિપ્પણી બદલ દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરશે.

દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે મલ્લિકાર્જુન ખડગેની કથિત ટિપ્પણીઓની ટીકા કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે કહ્યું કે આ પહેલી વાર નથી જ્યારે કોંગ્રેસ પાર્ટીએ પ્રધાનમંત્રી મોદીના પરિવાર વિરુદ્ધ અપશબ્દોનો ઉપયોગ કર્યો હોય. શ્રી શાહે કહ્યું કે છેલ્લા 12 વર્ષમાં ચૂંટણીમાં મળેલી સતત હારથી કોંગ્રેસ પાર્ટીમાં ભારે હતાશા અને નિરાશા ફેલાઈ છે. શ્રી શાહે કહ્યું, કોંગ્રેસ પાર્ટી જનતામાં પોતાનો આધાર ગુમાવી ચૂકી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

ડેસ્ક

# ISRO - SPACE OPERATIONS

ISROના ચેરમેન વી. નારાયણને કહ્યું, ભારત 2029 સુધીમાં ચાર કાર્યાત્મક લોન્ચ પેડ સાથે અવકાશ કામગીરીનો નોંધપાત્ર વિસ્તાર કરશે. શ્રી નારાયણને જણાવ્યું કે, તમિલનાડુના કુલશેખરપટ્ટીનમ ખાતે 2 હજાર એકરમાં સમર્પિત નાના ઉપગ્રહ લોન્ચ વાહન સંકુલ અને શ્રીહરિકોટા ખાતે ત્રીજો લોન્ચ પેડ કાર્યરત કરાશે. જે ઉપગ્રહ પ્રક્ષેપણની વૈશ્વિક માંગને પૂર્ણ કરશે. ચેન્નાઈ નજીક પોરુર ખાતે એક ખાનગી યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહને સંબોધન કરતાં તેમણે આ માહિતી આપી.

તેમણે કહ્યું, ISRO આગામી બે મહિનામાં પ્રથમ અનક્રુડ ગગનયાન પરીક્ષણ કરવાની યોજના ધરાવે છે, ત્યારબાદ ક્રુડ મિશન પહેલાં બે અનુગામી અનક્રુડ પરીક્ષણો કરશે.

શ્રી નારાયણને ચંદ્રયાન-5ની યોજના અંગે પ્રકાશ પાડતા કહ્યું, આ મિશન જાપાનની અવકાશ એજન્સી સાથે સહયોગી ચંદ્ર મિશન છે, જેમાં 100 દિવસના સપાટી પ્રયોગો કરવા રચાયેલ 350 કિલોગ્રામનું રોવર છે.

# IMD WEATHER

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બંગાળની ખાડી પર સર્જાયેલું હવાનું દબાણ આજે ચક્રવાતી વાવાઝોડામાં પરિણમશે. માછીમારોને આગામી બે દિવસ બંગાળની ખાડીમાં ન જવાની સલાહ અપાઈ છે. આગામી બે દિવસ દરમિયાન આંધ્રપ્રદેશ, ઓડિશા અને છત્તીસગઢના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે.

આકાશવાણી સમાચાર સાથે વાત કરતા હવામાન વિભાગના વડા ડૉ. મૃત્યુંજય મહાપાત્રએ જણાવ્યું કે, ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પૂર અને પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલન થઈ શકે છે.

(BYTE - DR. MRUTYUNJAY MAHAPATRA)

દરમિયાન,આજે કેરળ, માહે, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારેથી અતિ ભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.

# BRAZIL ELECTION RESULTS

બ્રાઝિલમાં, રાષ્ટ્રપ્રમુખની ચુંટણીમાં લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વાએ સેનેટર ફ્લેવિયો બોલ્સોનારોને હરાવ્યા. શ્રી લુલાએ 51 ટકા મત સાથે ચૂંટણીમાં જીત મેળવી જ્યારે તેમના પ્રતિસ્પર્ધી બોલ્સોનારોને 48.68 ટકા મત મળ્યા હતા આ સાથે શ્રી લુલા બ્રાઝિલના ઇતિહાસમાં પ્રથમ રાઉન્ડમાં પાછળ રહ્યા બાદ બીજા રાઉન્ડમાં જીત મેળવી હોય તેવા એકમાત્ર નેતા બન્યા છે.

# WOMENS CRICKET - IND VS ZIM

મહિલા ક્રિકેટમાં, ભારતે ગઈકાલે વડોદરામાં રમાયેલી બીજી વનડે મેચમાં ઝિમ્બાબ્વેને 121 રનથી હરાવી ત્રણ મેચની શ્રેણીમાં ૨-0ની અજેય સરસાઈ મેળવી.

આ પહેલા, પ્રથમ બેટિંગ કરતા, ભારતે નિર્ધારિત 50 ઓવરમાં છ વિકેટે 328 રન બનાવ્યા. હરમનપ્રીત કૌરે સૌથી વધુ 126 જ્યારે દીપ્તિ શર્માએ 106 રન બનાવ્યા. 329 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ઝિમ્બાબ્વેએ 48 ઓવર 5 બોલમાં 207 રનમાં ઓલઆઉટ થયું.

ત્રીજી અને અંતિમ વનડે મેચ બુધવારે વડોદરામાં જ રમાશે.

# FRENCH OPEN BADMINTON

ફ્રેન્ચ ઓપન બેડમિન્ટનમાં, પીવી સિંધુ ગઈકાલે ફ્રાન્સના પેરિસમાં દક્ષિણ કોરિયાની એન સે-યંગ સામે ત્રણ સેટમાં સખત હાર બાદ બીજા સ્થાને રહી. મહિલા સિંગલ્સ ફાઇનલમાં, સિંધુએ શરૂઆતની રમત 21-16થી જીતી, જ્યારે એન સે યંગે બીજા અને ત્રીજા સેટમાં જીતીને યંગે સતત ત્રીજો ફ્રેન્ચ ઓપન ખિતાબ પોતાને નામે કર્યો.

# TENNIS - ALMATY OPEN

ટેનિસમાં, ભારતના યુકી ભામ્બરી અને અમેરિકાના રાયન સેગરમેનની જોડીએ ગઈકાલે કઝાકિસ્તાનમાં અલ્માટી ઓપન ટેનિસ ખિતાબ જીત્યો. આ જોડીએ ઑસ્ટ્રિયાના લુકાસ મીડલર અને નીલ ઓબરલીટનરને 7-6, 6-7, 10-2 થી હરાવી. આ વિજય ભામ્બરીનો 2026 સીઝનનો પ્રથમ ATP ટૂર ટાઇટલ છે.

# WORLD WEIGHTLIFTING CHAMP

અમદાવાદ 2029 માં સિનિયર વર્લ્ડ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપની યજમાની કરશે. ઇન્ટરનેશનલ વેઇટલિફ્ટિંગ ફેડરેશન - IWF એ ચીનના નિંગબોમાં યોજાયેલી એક્ઝિક્યુટિવ બોર્ડની બેઠક બાદ આ જાહેરાત કરી. પહેલી વાર ભારત સિનિયર કેટેગરીની આ  સ્પર્ધાનું આયોજન કરશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડિયા

- આજના અખબારોના મુખ્ય માથાળે વિવિધ સમાચાર વંચાઈ રહ્યા છે.
- ગુજરાત સમાચાર લખે છે કે, સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશે દેશના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ પર ગંભીર આરોપો લગાવ્યા; જસ્ટિસ ચંદ્રચૂડ સરકારને પૂછીને જજોની નિમણૂંક કરતા: જસ્ટિસ કૌલ.
- સંદેશ લખે છે કે, ફ્રાંસ સહિત યુરોપમાં ઉકાળતો ચરુ, તોફાન વકર્યા.
- દિવ્ય ભાસ્કર અને ફૂલછાબે લખ્યું છે કે, મોદીના પિતા ઉપર ખડગેની ટિપ્પણીથી હંગામો; શાહનો જવાબ: કોંગ્રેસે હદ પાર કરી દીધી.
- અને નવગુજરાત સમય લખે છે કે, અર્થતંત્ર પર હુમલા કરીને પણ યુધ્ધ લડાય છે: PM
- સ્થાનિક સમાચારો જોઈએ તો, રાજ્યમાં મિશ્ર ઋતુ: પોરોઢે ઠંડી અને બપોરે ગરમીનો અહેસાસ, 15 મિટરથી ઊંચી ઇમારત માટે હવે ફાયર સેફટી સર્ટિફિકેટ ફરજિયાત, અમદાવાદને મળી વર્લ્ડ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશીપ-2029 ની યજમાની, જુનાગઢમાં નકલી ઘીનો 300 કિલ્લો બનાવટી જથ્થો ઝડપાયો, તાલાલા પંથકમાં ધરતીકંપના વધુ 5 આંચકા અનુભવાયા અને રેલવે PRS કાઉન્ટરથી ટિકિટ લેનારને પણ વીમા કવચ અપાશે જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.